ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૩/૨૨–૨૩/ 156 તારીખ : 11 JAN 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ચિંતનભાઈ કે.ગાંધી,**
**પ્લોટ નં–૧૫, સાંઈબાબા સોસાયટી,**
**તિલકનગર, મહિલા કોલેજ પાછળ,**
**ભાવનગર.**

કેસ નં.૭૩/૨૨–૨૩

**મો.નં– ૦૨૭૮ ૨૫૭૫૦૦**

**વિષય : અમારા વિજ કનેકશનમાં લેણાં કાઢવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૨–૨૩/૩૯૭૬ તા.૧૪/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૨–૨૩/૪૦૦૨ તા.૧૬/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૬/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ,ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી–૧, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ડાયમંડ ચોક.**

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૭૩/૨૨–૨૩</u>** ☜

વાદી :– **શ્રી ચિંતનભાઈ કે ગાંધી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૬/૧૨/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી ચિંતનભાઈ કે ગાંધી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એન.જે.તન્ના, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૧, ભાવનગર**
**શ્રી એમ.વી.બોરીસા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ડાયમંડ ચોક.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચિંતનભાઈ કે ગાંધી, મું.ભાવનગર, તા.જી.ભાવનગરની અમારા વિજ કનેકશનમાં લેણાં કાઢવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૩/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૩/૨૨–૨૩/૩૯૭૬ તા.૧૪/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૬/૧૨/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ચિંતનભાઈ કે ગાંધી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એન જે તન્ના, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૧, ભાવનગર તથા શ્રી એમ.વી.બોરીસા, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ડાયમંડ ચોક ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી જણાવે છે કે,અમો ગ્રાહક નંબર–૩૦૩૦૪/૧૧૩૦૦/૦ થી ઘર વપરાશ નું વિજ જોડાણ રહેણાંક હેતુ નું વિજ કનેકશન ધરાવીએ છીએ અને અમો દ્વારા પીજીવીસીએલ તરફથી આવતા તમામ બીલો નીયમીત નીયત સમયમાં ભરપાઈ કરીએ છીએ અને પીજીવીસીએલનું અમારી પાસે કોઈ લેણું બાકી નથી.

૧.૨ વાદીશ્રી જણાવે છે કે, તા.૨૧/૧૧/૨૦૨૨ ના રોજ પીજીવીસીએલ દ્વારા ઓડીટનું પુરવણી બીલ સમય ગાળો માર્ચ–એપ્રિલ–૨૦૨૦ ના સમયનું ગાળાનું રૂા.૩૩૨૬/૦૫ નું આપવામાં આવેલ.

૧.૩ સદર બીલ બે વર્ષ પહેલાનાં સમય ગાળાનું હોય, વિજ અધિનિયમ સેકશન–૫૬(૨) મુજબ રીકવર કરી શકાય નહી. આમ, સદર રકમ ટાઈમબાર્ડ હોઈ રદ કરવું.

૧.૪ વાદીશ્રીની રજુઆત છે કે, અમોને કોઈપણ જાતના બીલમાં કોઈ બાઈફરકેશન મળેલ નથી.

૧.૫ આમ, અમોને મળેલ સદર બીલ કાઢી નાખવું જે ટાઈમબાર્ડ છે. અને અમોને આની ક્રેડીટ અમોના બીલમાં આપવી અને આ સાથે ડોકયુમેન્ટસ જોડેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી ચિંતનભાઈ કિરણભાઈ ગ્રાહક નં–૩૦૩૦૪/૧૧૩૦૦/૦ RGPU કેટેગરી ધરાવતું સોલાર રૂફટોપ કનેકશન છે.

૨.૨ આપ ગ્રાહક નં–૩૦૩૦૪/૧૧૩૦૦/૦ થી અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયમંડ ચોક પેટા વિભાગીય કચેરીમાં ઘર વપરાશનું વીજ જોડાણ શ્રી ચીંતનભાઈ કિરણભાઈ ગાંધીના નામે ધરાવો છો. સદર વીજ જોડાણ માં આપે સોલાર કનેકશનની માંગણી કરતા, તા.૧૨/૦૬/૨૦૨૦ ના રોજ આપના વીજ જોડાણનું મીટર બદલી તેની જગ્યાએ બાયડાયરેકશનલ મીટર મૂકવામાં આવેલ. તા.૦૭/૦૭/૨૦૨૦ ના રોજ આપના વીજ જોડાણના જુના મીટરનું લેબોલેટરીમાં પરીક્ષણ કરવામાં આવેલ. જેમાં, સદર મીટર ડીફેકટીવ માલૂમ પડેલ.

૨.૩ વર્ષ–૨૦૨૦ માં કોરોના મહામારીને કારણે લોકડાઉન હોય, આપના વીજ જોડાણના મીટરનું વાંચન થઈ શકેલ ન હોય, આપને ફેબ્રુઆરી–માર્ચ–૨૦૨૦ નું ' N ' સ્ટેટસમાં ૨૮૦ યુનીટનું એવરેજ બિલ રૂ.૧૮૫૫/૮૭ નું બિલ આપવામાં આવેલ. ત્યારબાદ, એપ્રિલ–મે–૨૦૨૦ માં ઝીરો યુનીટનું બિલ આપવામાં આવેલ. જે બિલમાં અગાઉનું એવરેજ બિલ રૂ.૧૮૫૫/૮૭ જમા આપવામાં આવેલ. આમ, આ ૨ બીલમાં આપને ઝીરો વપરાશના બીલો મળેલા અને મીટર લેબોરેટરીમાં ડીફેકટીવ માલૂમ પડેલ. આથી, આપને ફેબ્રુઆરી–માર્ચ–૨૦૨૦ અને એપ્રિલ–મે–૨૦૨૦ ના આપના એવરેજ(સરેરાશ) વપરાશ મુજબ ૨૮૦ યુનીટ + ૨૮૦ યુનીટ = ૫૬૦ યુનીટ વપરાશનું બીલ રૂ.૩૩૨૬/૦૫ નું બીલ (ટ્રાન્જેકશન આઈ ડી–૨૯૫૩૦૯૫–૨૯૫૩૦૯૮–૨૯૫૩૦૬૦૦) થી આપવામાં આવેલ છે. જે બિલ ભરપાઈ કરવા આપને વિદિત થાય છે.

૨.૪ વધુમાં, વીજ અધીનીયમ–૨૦૦૩ કલમ–૫૬(૨)અન્વયે, '' તે સમયે અમલમાં તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ કોઈપણ ગ્રાહક પાસે લેણી કોઈપણ રકમ જયારે પ્રથમ લેણી બને તે તારીખથી બે વર્ષની મુદત પછી વસુલ કરી શકાશે નહી. સિવાય કે, આવી રકમ ઈલેકટ્રીસીટી સપ્લાયની ખર્ચની બાકી તરીકે વસુલ કરવાપાત્ર તરીકે સળંગ દર્શાવવામાં આવી હોય અને લાઈસન્સદાર ઈલેકટ્રીક સપ્લાય કાપ્યો હોવો જોઈએ નહી.''

૨.૫ આમ, સદર કનેકશન લેજરાઈઝડ છે,કનેકશન ચાલુ છે અને આપેલ ઓડીટ રિકવરીનું પુરવણીબીલ ના બાકી રકમ ભરવાપાત્ર છે.

જેથી, ઉપરોકત માહીતીને ઘ્યાને લઈ, સદર કેસમાં કંપનીની તરફેણમાં ઘટતું કરવા વિનંતી છે. જે આપની નમ્ર જાણ સારૂં તથા ઉપરોકત બાબત ઘ્યાનાર્થે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ચિંતનભાઈ કિરણભાઈ ગાંધી દ્વારા તેમનાં ઘરવપરાશનો વીજ કનેકશન નં– ૦૩૦૩૪/ ૧૧૩૦૦/૦ માં પ્રતિવાદી ની પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૭/૧૧/૨૦૨૨ નં–૪૪૭૮ થી ઓડીટ રીકવરી નું બિલ રૂ.૩૩૨૬/૦૫ જે માર્ચ–એપ્રિલ–૨૦૨૦ ના સમયગાળાનું આપી વસુલાત કરતાં, તેની સામે ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૨૬/૧૨/૨૦૨૨ ની રૂબરૂ સનાવણીમાં વાદી તેમજ પ્રતિવાદીના પ્રતિનિધિઓએ હાજર રહી લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે.

વાદી ની રજુઆત છે કે, સદરહુ બિલ માર્ચ–એપ્રિલ–૨૦૨૦ ના સમયગાળાના તફાવતની રકમનું હોઈ, ૨ વર્ષ થી વધુ સમય પહેલાનું હોઈ, વિજ અધિનિયમ–૨૦૦૩ ના સેકશન–૫૬(૨) મુજબ વસુલવા પાત્ર રહેતું ન હોઈ, બીલ રદ કરવા વિનંતી કરેલ છે.

૩.૩ આ તબકકે ફોરમને જણાય છે કે, વિજ અધિનિયમ–૨૦૦૩ નાં સેકશન–૫૬(૨) નીચે મુજબ છે.

'' તે સમયે અમલમાં તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ કોઈપણ ગ્રાહક પાસે લેણી કોઈપણ રકમ જયારે પ્રથમ લેણી બને તે તારીખથી બે વર્ષની મુદત પછી વસુલ કરી શકાશે નહી. સિવાય કે, આવી રકમ ઈલેકટ્રીસીટી સપ્લાયની ખર્ચની બાકી તરીકે વસુલ કરવાપાત્ર તરીકે સળંગ દર્શાવવામાં આવી હોય અને લાઈસન્સદાર ઈલેકટ્રીક સપ્લાય કાપ્યો હોવો જોઈએ નહી.''

આમ, ઉપરોકત કેસ માં પ્રતિવાદી ના બાકી લ્હેણા અંગે પ્રથમવાર ઓડીટ ટીમનું આકટોબર–૨૦૨૨ માં ઘ્યાને આવતાં, વાદીને નવેમ્બર–૨૦૨૨ માં આ રકમ ભરપાઈ કરવા બાબતનું ઓડીટ બિલ આપવામાં આવેલ છે.

૩.૪ આમ, ઉપરોકત કેસમાં બાકી લ્હેણા અંગેની પ્રથમ જાણ ઓકટોબર–૨૦૨૨ માં થતા, પ્રતિવાદી દ્વારા નવેમ્બર –૨૦૨૨ માં વસુલવા માટેની કાર્યવાહી નિયમાનુસાર છે. વિજ અધિનિયમ–૨૦૦૩ ના સેકશન–૫૬(૨) મુજબની વસુલાત હોઈ, આ રકમ પ્રતિવાદી વસુલવા હકકદાર છે.

૩.૫ આ તબકકે વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ યુ.જી.વી.સી.એલ ફોરમના કેસ નં–૦૧–૦૦૯–૨૦૨૨–૨૩ ને ધ્યાને લેવામાં આવેલ છે. પરંતુ, સદરહુ કેસમાં વાદીનું કનેકશન પી.ડી.સી. (કાયમી ધોરણે રદ) થયેલ હોઈ, ૨ વર્ષ બાદ દાવો દાખલ કર્યા બાબતનો હોય, હાલના આ કેસ સાથે સરખાવી શકાય નહી.

૩.૬ આ તબકકે પ્રતિવાદી દ્વારા સુપ્રિમ કોર્ટના અજમેર વિદ્યુત બોર્ડ વિ.રહેમતજુલા ખાન એ. રહેમજુલા ની સિવિલ અપીલ નં–૧૬૭૨/૨૦૨૦ ના ચુકાદાની નકલ રજૂ કરેલ છે.

૩.૭ આમ, ઉપરોકત તારણ નં–૩.૩,૩.૪,અને ૩.૫ ને ધ્યાને લેતાં, પ્રતિવાદીએ વાદીને ઓડીટ રીકવરીનું આપેલ સપ્લીમેન્ટરી બિલ રૂા.૩૩૨૬/૦૫ નું નિયમાનુસાર હોઈ, પ્રતિવાદી તે વસુલવા હકકદાર છે. તથા વાદીએ તે રકમ ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એન.આઈ.ઉપાધ્યાય)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૬/૧૨/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Bhavnagar.